# શ્રીકૃષ્ણની લીલામાં તમામ રસ ઉદ્ભવ્યા છે

ભગવાન શ્રીકૃષ્ણની લીલા અને એમના ચરિત્રને માણતાં - માણતાં, પળ-પળ ભાગવત્, ભાવગ્રંથ હોવાની અનુભૂતિ થાય એમાં જ્યારે પૂ. ગુરુમાના મુખેથી ભાગવત્‌ની કણિકાઓનું ભાવદર્શન થાય ત્યારે લખવા માટે પાનાઓ ઓછા પડે. અહીં એ ભાવાનૂભૂતિ કરાવવાનો પ્રયત્ન છે.

શ્રીકૃષ્ણની મોરલીમાંથી કલીં બીજ સાથે




ઓમકારનો ધ્વની રેલાતો હતો જે ગોપીઓના હૃદય સુધી એવો પહોંચ્યો કે તમામ ભાન ભૂલી કૃષ્ણની સમીપતા માટે તલસી રહી... ભગવાન કૃષ્ણની મહા રાસલીલા, એ ગોપીઓના તલસાટને તૃપ્તિ અને પ્રેમનું ઋણ ચૂકવવાના આશયથી થતા પ્રયત્નની સુંદર ઝાંખી છે. એ પ્રણયવિશ્વની વાત માટે શબ્દોની મર્યાદા નડે છે. માણસની બુધ્ધિ શક્તિ અને કલ્પના શક્તિ ઓછી પડે એવી આ પ્રણય લીલા પરોક્ષ રીતે આજના યુગના છીછરા પ્રેમની હાંસી ઊડાવે છે. મર્યાદાપૂર્ણ - ગરિમાપૂર્ણ છતાં અતૂટ - અનન્ય પ્રેમ સાથે - સાથે ભગવાન ગોપીઓને અભિમાનથી દૂર રહેવાની શીખ આપે છે. ભાગવત્‌માં સુંદર સંદેશ સમાયેલો છે, કે આપણને માન મળે - સ્થાન મળે, જે આપણી લાયકાત કરતાં વધુ હોય એ સામેની વ્યક્તિની ઉદારતાને કારણે પ્રાપ્ત થાય છે એટલે એનો ગર્વ કરવો ઉચિત નથી. અહંકાર એ ભગવાનનો ખોરાક છે. નિર્વિચાર અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે બ્રહ્મ ચૈતન્ય નૃત્ય કરે છે એ મહારાસનું આધ્યાત્મિક અર્થઘટન છે. બધી લીલાઓનું તાત્પર્ય, વૃતિ એક પરામત્મામાં લગાડવી એ છે. શ્રીકૃષ્ણની લીલામાં તમામ રસ શૃંગાર, વીર, ભયાનક, બિભત્સ્ય, રૌદ્ર રસ પ્રગટ થયા અને અંતે શાંતરસ ઉદભવ્યો.

ધનુષ્ય યજ્ઞના બહાને કંસનું આમંત્રણ સ્વીકારીને શ્રીકૃષ્ણનું મથુરા આવાગમન અને અહીં એમના પરાક્રમોની ગાથા પ્રભુલીલાને નવો આયામ આપે છે. ત્યારે માતા યશોદા અને ગોપીઓના હૃદયની સ્થિતીનું લાગણીસભર વર્ણન સાંભળી મંડપમાં ઉપસ્થિત સહુની આંખો ભીની અને હૃદય ગદગદિત થયા. પૂ. ગુરુમાની પોતાની ભાવસભર અવસ્થા ભક્તગણને લાગણીના પૂરમાં વ્હાવી ગઇ હતી.

ઉધ્ધવજી કૃષ્ણના સંદેશવાહક બનીને વૃંદાવન જાય છે ત્યારે નંદરાય-યશોદા-ગોપીવૃંદનો કૃષ્ણ પ્રત્યેનો અગાધ પ્રેમ અને વિરહની વેદના જોઇ-સાંભળીને હતપ્રભ બને છે એ વાત સાંભળી હૃદયમાં કોમળ ભાવોનો સાગર ઊમટ્યા વિના ન રહે શ્રીકૃષ્ણનો એ અદભૂત સંદેશ જે ઉધ્ધવજી ગોપીઓને પાઠવે છે એ સાંભળનારામાં પણ ગોપીભાવ જગાડે છે અને ભક્તિમય બનાવે છે.

દરેકના જીવનમાં વિરોધાભાસી સંજોગ ઊભા થતા રહે છે. એને અનુકુળ થઇ એમાંથી બહાર નીકળવું એજ ઉપાય છે. કોઇપણ પરિસ્થિતીમાં શાંત થઇને વિચારવું જોઇએ કે આ સમયે મારે શું કરવું જોઇએ.

ભગવાન રણ છોડીને ભાગ્યા અને રણછોડ કહેવાયા, જરાસંઘ સાથે યુધ્ધ, કાલયવનનો વધ, રૂકમણી દેવીનું અપહરણ અને વિવાહ પ્રદ્યુમનના જન્મની કથા, ભગવાનના શ્રીકૃષ્ણ સત્યભામા, કાલિંદી, મિત્રવૃંદા, ભદ્રા, લક્ષ્મણા, સત્યા એમ અષ્ટ પટરાણીઓ સાથે વિવાહ સંદર્ભની વાતો ભગવાનની લીલાનું દર્શન કરાવે છે.

મુર નામના રાક્ષસના વધની કથા જેનાથી શ્રીકૃષ્ણ, મોરારી કહેવાયા. જેના વધથી બંદીવાન સોળ હજાર કન્યાઓ મુક્તિને પામી. કૃષ્ણએ તેમની સાથે વિવાહ કરી તેમને સન્માન અને સુરક્ષા બક્ષ્યા. દરેક પ્રસંગ ભગવાન પ્રત્યે અહોભાવ અને ભક્તિમાં ઊમેરો કરનાર બની રહે છે.

શ્રીકૃષ્ણનું ૧૬૦૦૮ રાણીઓ સાથેના સુંદર ગૃહસ્થ જીવનનું વર્ણન પ્રત્યેક ગૃહસ્થને જીવન જીવવાની કર્મ કરવાની અને પ્રતિભાશાળી વ્યક્તિત્વ વિકસાવી વ્યવસ્થિત રહેવાનું માર્ગદર્શન આપનાર છે. આવી લીલાઓ અપરંપાર છે. ઈશ્વર વિશે વાત કરતાં અટકવું જ પડે છે. ઈશ્વરને પૂરા જાણી શકાતા નથી.

જરાસંઘ વધ - શિશુપલ વધ અને અન્ય રાક્ષસોના વધથી શ્રીકૃષ્ણ મહાભારતની ભૂમિકા તૈયાર કરી રહ્યા છે. કૃષ્ણ-સુદામા મિલનની ભાવસભર ક્ષણો સાંભળીને મિત્રતાના ગૌરવવંતા સ્વરૂપની અદભૂત ઝાંખી થઇ. 'અતિપરિચયા અવજ્ઞા'ની વાત ભગવાને ભાગવત્‌માં સુંદર પ્રસંગથી કહી છે. જે મનુષ્ય જાતિ એ સમજવાની જરૂર છે.

ઈશ્વરનો સ્વભાવ છે કોઈપણ વ્યક્તિ એના માટે થોડું કંઇ કરે એટલે સામ અનેક ગણું પ્રદાન કરે છે. જેના પ્રત્યે પ્રેમ હોય એને વ્યક્તિ પોતાનું શ્રેષ્ઠ આપે છે. એમ જ પ્રભુ સ્મરણથી અનન્ય, નિર્ગુણ ઉપાસના સુધુ જીવનને લઇ જવું એમાં જ મનુષ્ય જીવનની સાર્થકતા છે.

આજે ભાગવત્ કથા વિરામ પામશે. ઉપસંહાર ફરી ક્યારેક ચર્ચિશું ....ભક્ત હૃદયોને પ્રણામ. પૂ. ગુરુમાને સહુ વતી વંદન પાઠવીએ.

● મમતા રાવલ

# માણસાના ફતેહપુરા ગામમાં રાત્રિસભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગ્રામજનોની સહીની કોલમમાં વધુ સહીઓ કરાવા માટે રાત્રિસભા યોજાતી નથી, પરંતુ ગ્રામજનોના મુખે તેમની સમસ્યા સાંભળવવા અને સમસ્યાનું ચર્ચા-વિર્મશ કરી સમાધાન કરવાના ઉમદા આશયથી રાત્રિસભા યોજાવામાં આવે છે, તેવું માણસા તાલુકાના ફતેહપુરા ગામ ખાતે યોજાયેલ રાત્રિસભામાં ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું.

જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ વધુમાં જણાવ્યું હતું કે, જે સમસ્યાઓનું સમાધાન જિલ્લા વહીવટીતંત્ર દ્વારા થઇ શકે તેમ નથી, તેવી સમસ્યાઓના હલ માટે સંબંધિત વિભાગને જાણ કરીને યોગ્ય નિકાલ કરવા જિલ્લા વહીવટી તંત્ર સતત કાર્યશીલ છે. તે ઉપરાંત રાત્રિસભાના માધ્યમ થકી ગ્રામજનો સાથે ચર્ચા-વિર્મશ અને વડીલોના અનુભવનો આધાર લઇ ઘણી સમસ્યાઓનો હલ આવી જાય છે. ગામની કોઇ મોટી સમસ્યા હશે, તો તેના નાણાંની જોગવાઇ કરવા માટે સરકાર પાસે માંગણી કરવામાં આવશે.



ગામની મુખ્ય સમસ્યા એવી ડેમ્પીંગ સાઇડના પ્રશ્નને હલ કરવાની દિશામાં યોગ્ય વિચારણા કરવામાં આવશે, તેવી પણ હૈયાધારણા આપી હતી.

કલોલ પ્રાંત અધિકારી એ.ડી. જોષીએ જણાવ્યું હતું કે, જેમ અભ્યાસ દરમ્યાન તમામ વિષયોમાં ૧૦૦માંથી ૧૦૦ માર્કસ લાવવા અઘરા છે, અશક્ય નથી, તેમ ગામની તમામ સમસ્યાનો ઉકેલ ઝડપથી લાવવી અઘરી છે, પણ અશક્ય નથી. સમસ્યાનો હલ લાવવા માટે ગ્રામજનનો પણ સહકાર ખૂબ જ જરૂરી છે.

## ૨૬ ડિસેમ્બરે થનાર આંશિક સૂર્યગ્રહણ જોવા માટે

# ગુજકોસ્ટ અને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ટેલીસ્કોપ મુકવામાં આવશે

૨૬ મી ડીસેમ્સેબરના રોજ અમાસના દિવસે સૂર્ય ગ્રહણ થનાર છે. ભારતનાં મોટાભાગના વિસ્તારોમાં તે આંશિક જયારે



દક્ષીણ ભારતના કુન્નુર, કોઈમ્બતુર, મેંગલોર ખાતે કંકણાકર સૂર્ય ગ્રહણ દેખાશે. આ ખગોળીય ઘટના જોવા માટે વિદ્યાર્થીઓમાં તથા રસ ધરાવતા લોકોમાં ખુબ ઉત્સાહ જોવા મળે છે. સૂર્યગ્રહણ નરી આખે જોવાથી આંખને નુકશાન થઈ શકે છે એટલે ગ્રહણ જોવા માટે ખાસ પ્રકારના ચશ્માંનો ઉપયોગ કરવો જોઈએ. પીન હોલ કેમેરા કે આરસની તકતીનો ઉપયોગ કરી દીવાલ પર પ્રતિબિંબ પાડીને સૂર્યગ્રહણ જોઈ શકાય છે.

આ ખગોળીય ઘટનાને જોવા માટે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગર દ્વારા તા.૨૬ ડીસેમ્બરના રોજ સવારે ૮ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી સેન્ટ્રલ વિસ્ટા ઘ-૪થી મહાત્મા મંદિર તરફના બગીચા ખાતે ટેલીસ્કોપ દ્વારા સૂર્યગ્રહણ જોવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

ગાંધીનગરની શાળાઓ પોતાની શાળાઓમાંજ આ ગ્રહણ જોઈ શકે તે માટે પચાસ જેટલી ગાંધીનગરની શાળાઓને નંગ-૪ ચશ્માં આપવામાં આવશે. રસ ધરાવતી શાળાઓએ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે નોધણી કરાવી ચશ્માં મેળવી લેવા. ગ્રહણ સાથે કેટલીક અવૈજ્ઞાનિક અને અંધશ્રધ્ધા જોડાયેલી છે ત્યારે અંધશ્રધ્ધામાંથી મુક્ત થઇ કુદરતની આ ખગોળીય ઘટનાને માણીએ. વધુ માહિતી માટે ડૉ. અનીલ પટેલ (૯૩૨૭૮ ૩૫૨૧૫)નો સંપર્ક કરવો.



## બે એલઆરડી મહિલા ઉમેદવારોની તબિયત લથડી

ગાંધીનગરના સે-૬ ખાતેની સત્યાગ્રહ છાવણીમાં લોકરક્ષક દળની પરીક્ષાના અંતે અનામત સંવર્ગમાં આવતી મહિલા ઉમેદવારોની જનરલ મેરીટમાંથી બાકબાકી કરતા વિરોધ પ્રદર્શન માટે ધરણાં પર બેઠેલી મહિલા ઉમેદવારો બૈકી બે ઉમેદવાર પૂજાબેન અને રેખાબેન રાઠોડની તબિયત લથડી હતી. આ બંને મહિલા ઉમેદવારોને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી. જયાં ફરજ પરના તબીબે સારવાર આપવા સાથે પૂજાબેનને તેમની શારિરીક સ્થિતિ નબળી જોતાં ધરણાં પર બેસવાની મનાઈ કરી ઘરે પરત મોકલી આપ્યા હતા. જયારે રેખાબેન રાઠોડને પ્રાથમિક સારવાર આપી હતી. ત્યારબાદ તેઓ પરત સત્યાગ્રહ છાવણી ફર્યા હતા.

# દહેગામ અને ગાંધીનગર ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા ખાનગી કંપનીઓમાં વિવિધ પોસ્ટ માટેની સીધી જગ્યા ભરવા માટેનો એપ્રેન્ટીસ અને રોજગાર ભરતીમેળાનું આયોજન દહેગામ અને ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે.

જેમાં દહેગામ ખાતે તા. ૨૪મી ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે મહાસુખલાલની વાડી, ભારત પેટ્રોલ પંપ સામે આ ભરતીમેળો યોજાશે. તેમજ તા. ૨૭મી ડિસેમ્બરના રોજ સવારના ૧૦.૩૦ કલાકે બલરામ મંદિર પરિસર હોલ, સેકટર-૧૨ ખાતે ભરતીમેળો યોજાશે.

આ બન્ને ભરતીમેળામાં ધોરણ-૧૦ પાસ, ધોરણ-૧૨ પાસ/નાપાસ, આઇ.ટી.આઇ ( તમામ ટ્રેડ), ડિપ્લોમા, ગ્રેજયુએટ થયેલા ઉમેદવારો તેમજ કોમ્પ્યુટર ઓપરેટર માટે કોમ્પ્યુટરના જાણકાર જેમ કે કોપા, બી.કોમ., બી.સી.એ. ઉમેદવારો ભાગ લઇ શકશે. વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરનો સંપર્ક કરવાનો રહેશે. આ મેળામાં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારોને તેઓના બાયોડેટા, પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે ઉપસ્થિત રહેવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

